# જીવન જીવી જાણો

મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજી 'જિન સેવક'

[જીવનના જાજરમાન ક્ષેત્રે થઈ રહેલા અવનવા સર્જન અને વિસર્જનના પડદા પાછળ રહેલી જન્મ, જીવન અને મરણની એક વિલક્ષણ ઘટમાળને વાસ્તવિક રીતે પારખવાનું કામ કોઈક વિરલ વિભૂતિઓ જ કરે છે. માનવીનાં જીવનનાં રહસ્યો એની અતલ ઊંડાઇમાં રહેલાં હોય છે, તે આજ દિવસ સુધી છૂપાયેલાં રહ્યાં છે. કિંતુ આત્મસાધનાની એરણ પર ઊતરીને અનેક સંતો અને મહંતોએ જીવનના સાર–અસારના ભેદને ઉકેલ્યા છે. લીલી–લીલી હરિયાળી વનરાજિમાં વિકસેલા કમળને પણ પોતાનું મર્યાદિત સમયનું જીવન મળે છે. તેમાં કેટલાંક કૃતાર્થ બનીને વા કેટલાંક નિરર્થક બનીમે અંતે કરમાઈ જાય છે. તેવી જ રીતે કેટલાંક પુષ્પોનુ જીવન પણ કર્તવ્ય નિષ્ઠાની મજાથી મસ્ત બની અનેકને સન્માર્ગદર્શક બને છે કે, જેઓ જીવન જીવી જાણે છે. જ્યારે કેટલાકનું જીવન કેવળ વાસનાના અગનજાળ તાપથી સુકાઈને અંતે નિરર્થક મુરઝાઇ જાય છે. એ વાતોને આદર્શ-રૂપે સ્પષ્ટ કરતી હકીકતો આ લેખમાં સ્પષ્ટતાથી આલેખાઇ છે.]

સંસારના સુંવાળા ને સુકોમળ સ્નેહપાશમાં સપડાયેલા વિશ્વ પર એક જ વખત વેધક દૃષ્ટિ ફેંકતાં જેમને પોતાના આત્માની સર્વશ્રેષ્ઠ સંપત્તિનાં સત્યાનાશનાં મૂળ નજરે ચડ્યાં, સર્વોત્કૃષ્ટ જીવનના અવમૂલ્યન થતાં દેખાયાં, તેમણે તરત જ સ્વજીવનની સુરક્ષા માટે સર્વજ્ઞ પરમાત્માના શાસનની સમ્યક્ સાધનાનો પંથ લીધો અને એ સાધના દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિની વચ્ચે પણ સાવધાનીનો સેતુ બાંધ્યો અને ત્યારબાદ એ સાધનાના બળે જ જેમણે યુગયુગથી અણઉકેલ્યા જીવનના વાસ્તવિક નિચોડને પ્રાપ્ત કર્યા. એવા સંતો, મહંતો, શ્રમણો, આચાર્યો, યુગપ્રધાનો અને અન્ય મહાવિભૂતિઓની જીવનકથાના અમર સંદેશ જૈન ઈતિહાસમાં ગૌરવાન્વિત બનેલા છે કે, જે મહાપુરુષોએ ભારતની પુણ્ય ધરતી પર જનેતાની કુક્ષિએ જન્મ ધારણ કરીને જીવન જીવી જાણ્યું હતું.

મહાપુરુષોનો જન્મ એટલે આપણી આંતર દુનિયામાં પથરાયેલા અજ્ઞાનના ગાઢ અંધકારને દૂર કરવા માટેનો દીપક એમનું જીવન એટલે આપણા આત્માનું સત્ય દર્શન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા માટેનું દર્પણ. એમની મંગલકારી સાધના એટલે જ પરોપકારની પરબ. એમનું હૃદય એટલે જ નિષ્કારણ નિઃસ્વાર્થ કરુણા અને વાત્સલ્યનું નિર્મળ ઝરણું. જેણે પોતાના જીવનને જડ–પુદ્‌ગલની આસક્તિના ઘોડાપૂર પ્રવાહમાં વહી જતું જોયું, અને એમાં જ પોતાની વિરાટ આત્મશક્તિને ભીંસાતી જોઈ. આહ....આહ....ની ચીસો નાખી' જીવ, જીવન અને આત્માની રક્ષા માટેના આર્તનાદો શરૂ કર્યા. અને બીજી બાજુએ જીવનના વહેણને બદલાવવા આર્યભૂમિની માટીના કણકણમાં ધરબાયેલી ત્યાગ, તપ અને વૈરાગ્યની અમર ગાથાઓ મુક્ત કંઠે ગાવા માંડી, પોતાના સર્વસ્વ જીવનને સ્વ–પર કલ્યાણની અમોઘ સાધનામાં સમર્પી દીધાં. એવા પુણ્યવંતા આત્માઓના ગુણોનું કીર્તન કરવું, એ તો આપણા કલ્યાણનું બીજ છે જ. પણ નામ સ્મરણ પણ આત્માની ઉન્નતિનું પ્રતિક બની જાય છે.

માનવ જીવનના એક છેડે જન્મ છે અને બીજે છેડે મૃત્યુ છે. જે વચ્ચે છે એનું નામ જ જીવન છે. તે તબક્કાની અંદર જ ભૌતિક કે આધ્યાત્મિક દુનિયાના પ્રવેશદ્વાર ખુલ્લાં થાય છે. ઘણી ઉથલપાથલો મચે છે. સત્–અસત્‌ના ગણિત મંડાય છે. પરિણામમાં આત્માની ઉન્નતિ ને અવન્નતિના હિસાબ ઉપરથી જીવનમાં આચરેલાં કર્તવ્યાકર્તવ્યનું ભાન થાય છે. જન્મ, જીવન અને મૃત્યુ એ ત્રણે તબક્કામાં જન્મ અને મૃત્યુ એ બંને અનિશ્ચિત વસ્તુ છે. માનવનો જન્મ કેમ મેળવવો ? ક્યાં મેળવવો ? મૃત્યુ ક્યારે થાય ? ક્યાં થાય ? આ બધી વાતો મોટા ભાગે બુદ્ધિગમ્ય નથી હોતી. જ્યારે જીવન જ એક એવો તબક્કો છે, જેમાં જીવી જાણતાં શીખવું જોઈએ. એટલું જ નહીં, પણ માનવી પોતાના જીવનને જેવો વળાંક આપવો હોય તેવો આપી શકે છે. જન્મ મેળવ્યા બાદ જીવનના મૂલ્યને જ ભૂલી જનાર આત્માઓ, જેમ જન્મ અને મૃત્યુ એ બંને ગમે તે રીતે ગમે ત્યારે મળે અને પૂરાં થાય એ રીતે જીવનને પણ નીરસ, શુષ્ક અને નિરર્થક ગુમાવી ત્રણે તબક્કા પૂરા કરી અનંતના પ્રવાહમાં નિરાધાર તણાતા જ રહે છે. જ્ઞાનીઓ કહે છે: અનેક જન્મોની સાધના બાદ મળેલા જીવનને જીવી ન જાણી નિરર્થક ગુમાવી હારી જવા જેવું કાળું કલંક બીજું કોઈ નથી. આવું કલંક આપણા જ હાથે આપણા લલાટે લગાવીશું ? ના....ના ! તો ચાલો, મળેલા જીવનને જીવી જાણવા નિઃસ્વાર્થ ભાવે આપણી હિતચિંતા કરનારા મહાપુરુષોના જીવનના આદર્શોને નિહાળીએ.

પ્રસ્તુત લેખમાં તો આપણે ગ્રંથનાયક વિધિપક્ષગચ્છ પ્રવર્તક, આદ્ય સૂરિ સમ્રાટ પૂ. યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ, અચલગચ્છાધિરાજ, અનેક નૃપતિ–પ્રતિબોધક, પૂ. યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ, કચ્છ – હાલાર દેશો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્ધારક મુનિમંડલાગ્રેસર પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની જીવનની ટૂંક હકીકતને જ વિચારી એમની મહાનતાની આછી રૂપરેખા જોઈશું, કે જેમણે આમરણાંત સુવિશુદ્ધ સંયમના પાલન સાથે શાસનોન્નતિનાં અનેકવિધ કાર્યો કરી જીવનના દિવ્ય આદર્શો પૂરા પાડ્યા છે. આજે એમના ઉપકારોનું સ્મરણ કરતાં, અને એમની પાસેથી જ મળેલાં સંયમ-સાધના, સંસ્કૃતિ અને સાહિત્યના અમૂલ્ય વારસાને પ્રાપ્ત કરતાં કૃત-કૃત્યતા અનુભવાય છે. હૃદય આનંદવિભોર બની જાય છે.

આદ્ય સૂરિપુંગવ યુગપ્રધાન દાદા **શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજ :**

[ જેમના સુવિશુદ્ધ આચારપાલનની પ્રશંસા મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થ-પતિ શ્રી સીમંધર સ્વામિ ભગવંતે સ્વમુખે કરી. ]

રાજસ્થાનના દંત્રાણી ગામની પુણ્ય ધરતીના આ પનોતા તેજસ્વી સિતારા. મહાપુરુષના જન્મથી માતા દેદી શેઠાણી રત્નકુક્ષિ બન્યાં. પિતા દ્રોણ શેઠે પોતાના કુળનું ગૌરવ માન્યું. ભાવિ જીવનની ઉજ્જવળતા પારણે જ દેખા દેવા લાગી. તેજસ્વી મુખ અને દિવ્ય કાંતિ. બાલ્યાવસ્થામાં જ સદ્ગુરુના શરણે સોંપાયા. શાસનને ચરણે પુત્રરત્નને સમર્પણ કરતાં માતાએ વિશેષ ગૌરવ માન્યું. મહાપુરુષની જનેતા પણ મહાન જ હોય છે. માત્ર દશ વર્ષની કુમળી વયે જ આગાર મટી અણગાર બન્યા. તીવ્ર પ્રજ્ઞા અને અદમ્ય જ્ઞાનપિપાસા અચરજ પમાડે એવી હતી. તે સમયના રાજકીય, સામાજિક સ્થિતિના પડઘા શ્રમણ સંઘ ઉપર પણ પડ્યા હતા. સંયમજીવનમાં શિથિલતા વ્યાપક રીતે ઘૂસી ગયેલી. આર્યરક્ષિત સૂરિમહારાજશ્રીના ગુરુને પણ આચારહીનતા સ્પર્શી ગઈ હતી. શુદ્ધ આચારને ઇચ્છતા મહાપુરુષના અંતરને આ વાત મનોમંથન જન્માવનારી નીવડી. એક વખત દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરતાં 'સીઓદગં ન સેવિજ્જા' આ એક જ ગાથાએ મહાપુરુષના મનમાં ચિંતનની ચિનગારી જગાવી દીધી, ઇતિહાસને પલટો આપ્યો. ગુરુદેવની સાથે વિશુદ્ધ આચારના પાલનની વાત કરતાં, સંતોષકારક જવાબ મળ્યો એટલે અનુમતિ મેળવી વિકટ સાધનાનો માર્ગ લીધો. છેલ્લે પાવાગઢમાં એક માસના અનશન કરવાના પ્રસંગે સાધનાના સૂર મહાવિદેહ ક્ષેત્રમાં વાગ્યા.

મહાકાળી, ચક્રેશ્વરી, પદ્માવતી એ ત્રણ દેવીઓએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો : 'ભરત ક્ષેત્રમાં શાસ્ત્રવિધિને વફાદાર રહેવા ઇચ્છતા કોઈ મહાત્મા છે?' પ્રત્યુત્તરમાં ભગવાને આપણા આ જ મહાપુરુષનું નામ આપ્યું. દેવીઓએ પરીક્ષા કરી. આવી વિરલ વિભૂતિની મહાનતાનાં દર્શન થતાં શિર ઝૂકાવ્યાં. તમે વિધિપક્ષગચ્છના પ્રવર્તક થશો, એવી વાણી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્ચરી, સ્વસ્થાને ગયાં. પ્રભુશાસનના સિદ્ધાંતને કાજે જીવન અર્પનાર આ મહાપુરુષના અસીમ ઉપકારો અવિસ્મરણીય છે. અગણિત વંદન હો, પુણ્યવંતા મહાપુરુષના પાવન ચરણોમાં !

અજોડ પ્રભાવક પૂજ્ય યુગપ્રધાન દાદા **શ્રી કલ્યાણસાગરસૂરિ** મહારાજશ્રીના અનેકવિધ ઉપકારોએ પણ અચલગચ્છના ઇતિહાસને બહોળા પ્રમાણમાં મહત્ત્વાકાંક્ષી બનાવ્યો છે. વઢિયાર દેશની રઢિયાળી એ ભૂમિ કે જ્યાં આ મહાપુરુષે જન્મ લીધો. શંખેશ્વર તીર્થની પાસે જ આવેલા લોલાડા ગામના એ ગીતાર્થ ગુરુદેવ મહાજ્ઞાની હતા. નવ વર્ષની બાળવયમાં જ દીક્ષિત બની, ફક્ત સોળ વર્ષની અવસ્થામાં જ તેઓ આચાર્યપદના જવાબદારીભર્યા સ્થાને નિયુક્ત થયા. તે એમની પ્રતિભાસંપન્ન કાર્યશક્તિ પણ કેવી અજોડ હશે ! તેઓશ્રીની સંયમી જીવનની આચારપાલનની વિશુદ્ધતા શ્રેષ્ઠ કોટિની હતી. સાથોસાથ મહા પ્રભાવક વિદ્યા, મંત્રાદિના જ્ઞાતા એ મહાપુરુષે એ શક્તિઓનો અનેક રીતે શાસનસેવામાં સદુપયોગ કરી, સંઘ અને શાસનની વિશિષ્ટ સાધનાના બળે પ્રાપ્ત સિદ્ધિઓને કેટલાક ચમત્કારિક પ્રસંગો ઇતિહાસે નોંધેલા છે. કચ્છ ભૂજ નગરના રાવ પ્રથમ ભારમલ્લના દુઃસાધ્ય વાત રોગની પીડાને દૂર કરી જિન ધર્મથી પ્રભાવિત બનાવ્યા હતા. આ પ્રસંગની ચિરઃસ્મૃતિ માટે આજે પણ ભુજ અચલગચ્છ જૈન ઉપાશ્રયમાં રહેલા એક સીસમના ઝૂલણ પાટ અંગેની ઐતિહાસિક કડીઓ પૂજ્યશ્રીની દિવ્ય શક્તિઓનો પરિચય આપે છે. આગ્રાના જિનમંદિરોની સુરક્ષાના પ્રસંગે મોગલ સમ્રાટ જહાંગીરને જિનશાસનાનુરાગી બનાવેલ. આપણે આપણા અસીમોપકારી એ મહાપુરુષના ત્યાગ, વૈરાગ્ય અને સંયમના રંગે રંગાયેલા પવિત્રતમ જીવનના આદર્શો શતાંશે પણ આપણા જીવનમાં ઉતારી અનેક સિદ્ધિના સ્વામી છતાં ય વિનમ્ર સાધક એ પૂજ્યાત્માના પાવન ચરણે ભૂરિ ભૂરિ વંદના કરીએ !

ક્રિયોદ્ધારક પૂજ્ય દાદા **શ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી** મહારાજશ્રી આપણા સૌથી નિકટના ઉપકારી ગણાય. તેઓશ્રી રાજસ્થાનમાં આવેલા પાલીના હતા. ગૃહસ્થપણાનું એમનું નામ ગુલાબ હતું. બ્રાહ્મણ કુળમાં જન્મેલા, છતાં સદ્‌ભાગ્ય એમને જૈન ધર્મના શરણે ખેંચી લાવ્યું. જીવનનાં વહેણ બદલાય છે, ત્યારે માનવને પોતાના મનની કલ્પનાતીત સિદ્ધિઓ પણ મળે છે. બાલ્યાવસ્થામાં જ યતિ ધર્મની દીક્ષા પામેલા હતા. પરંતુ તે સમયે પણ સાધુઓની આચારહીનતાએ શુદ્ધ વિધિ પર પ્રત્યાઘાત પાડ્યા હતા. આ પ્રત્યાઘાતો પૂજ્યશ્રીના હૃદયમાં ડંખી ગયા. શુદ્ધ વિધિ અને આચારસંહિતા માટે પોતાના તનમનનો પૂરો ભોગ આપી ક્રિયોદ્ધાર કર્યો. વર્તમાનમાં દેખાતા અચલગચ્છ ચતુર્વિધ સંઘના ઉત્કર્ષનો ઘણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યશ પૂજ્યશ્રીના ફાળે જાય છે. જીવનભર અનેક રીતે સંઘના અભ્યુદય માટે અથાગ શ્રમ કરી સંઘને દૃઢમૂળ કર્યો. તેઓશ્રીના આ અસીમ ઉપકારો જ્વલંત આદર્શ રૂપે બની રહેશે, એમાં શંકા નથી. કોટિશઃ વંદન પૂજ્યશ્રીના પાવન પુનિત ચરણે !

મળેલા જીવનને સાર્થક કરવા સત્કર્તવ્યની કેડી આપણને સાદ કરી રહી છે. એ સાદ સાંભળી સાબદા બનવા મહાપુરુષોની જીવનકથા તથા આપણા માટેની સતત્ હિતચિંતા આપણને અપ્રતિમ બળ આપી રહી છે. જીવનસાગરના અગાધ તળિયે રહેલાં બોધરહસ્યોનાં રત્નો પામવા તો મરજીવા બનીને ડૂબવું પડશે, સંતોએ સાધેલી સાધનાના ક્ષેત્રની ગહરાઈમાં ! જ્યારે માનવે માનવ–માનવ વચ્ચેના પ્રેમ, સદ્ભાવના સેતુને હોશિયારીપૂર્વક તોડીને પણ ગૌરવ માન્યું છે, ત્યારે સમસ્ત જગતના જીવો પર નિષ્કારણ અમીનજર કરી, પરમાર્થની નિર્મળ દૃષ્ટિ એ જ પોતાનું જીવનસમર્પણ કરનારા એ મહાપુરુષોને ન જાણે જીવનનાં વાસ્તવિક રહસ્યો કઈ સાધનાના બળે સમજાયાં હશે ? જીવનનાં કલ્યાણ શેમાં નજરે ચડ્યાં હશે ? આપણા કરતાં તો અનેકગણી બુદ્ધિ અને શક્તિના સ્વામી એ મહાયોગી પુરુષોના જીવનના આદર્શોને સામે રાખી આપણા જીવનના વ્યવહારને તપાસવા જતાં, આપણે અસત્યની ઘોર આંધીમાં અટવાયેલા છીએ, એમ લાગ્યા વગર ન રહે ! માનવનો જન્મ અને આર્યદેશની પવિત્ર ભૂમિ ! સર્વજ્ઞ વીતરાગનું શાસન અને જનમ–જનમની જંજાળમાંથી છોડાવનારો ધર્મ. આ બધું પ્રાપ્ત થયા પછી પણ જીવનનાં રહસ્યોને ન સમજનારા આપણે શું જીવનને હારી જઈશું ? કિનારે આવીને ડૂબી જઈશું ? ભોજનનો થાળ સામે હોવા છતાં ભૂખ્યા રહેશું ? ના, ના ! તો પછી દૃષ્ટિ કરીએ પેલી કર્તવ્યની કેડી ઉપર ! આપણા જીવનના અસત્ આચરણ ઉપર રડવું આવશે. ક્યાં આપણને મળેલાં આ ઉચ્ચતમ્ જીવનનાં મૂલ્યો અને ક્યાં એ જીવનને જીવવાના આપણા રંગઢંગ ? સંસારની સળગતી કારમી વાસનાને પોષવા કાંઈ આવા અણમોલ જીવનને ખતમ કરવાનાં હોય ? જીવનભર મારું–તારું કરીને મરી જતો માણસ મરવાના સમય સુધી નિર્ણય પણ નથી કરી શકતો કે, હવે શું મારું ને શું તારું ? પોતાના જ હાથે ઊભા કરેલા સંસારને સૂમસામ ઊભો રાખીને અનંતની યાત્રાએ ચાલ્યા જતા માનવને સેંકડો સંતો અને મહંતોની, સંસારના મૂળને પારખવાની દિવ્યજ્ઞાન દૃષ્ટિરૂપી લાલ ઝંડી અફાટ સંસારના પ્રવાહમાં તીવ્ર વેગે વહી જતી જીવનનૌકાને ક્ષણભર પણ થંભાવી દેવાનું સૂચન કરે છે. અનેક સંયમી આત્માઓની સમ્યક્ સાધના રૂપી ઝંડી માનવીય કર્તવ્યોનું ભાન કરાવી, આત્માની સાચી આઝાદી મેળવવાની સાચી દિશા તરફ જલદીથી આકર્ષી રહી છે. યુગયુગની સાધના પછી સિદ્ધિના શિખરે બેઠેલો સંતપુરુષોનો આત્મા ઉદ્ઘોષ કરે છે : હે માનવી ! જીવન જીવી જાણ !

शुभं भवतु सर्वेषाम् ।

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org